સમય મર્યાદા

ક્રમાંક : પરક્ષ/૧૦૨૦૧૮/૧૬૩૧/પા.ફા.બ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
બ્લોક નં.-૨, પહેલો માળ,
"કર્મયોગી ભવન"
નિર્માણ ભવનની પાછળ,
સેક્ટર-૧૦ એ, ગાંધીનગર- ૩૮૨ ૦૧૦.
તા.૧૪/૦૪/૨૦૨૨.

પ્રતિ,

સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,

(ગીર સોમનાથ સિવાય)

વિષયઃ- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા તા.૨૪/૦૪/૨૨ના રોજ આયોજિત બિન સચિવાલય કલાર્ક તથા સચિવાલયના વિભાગોના ઓફીસ આસીસ્ટન્ટ વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષા માટેના સ્ટાફની તાલીમ બાબત.

<u>તા.૧૯/૦૪/૨૦૨૨ સાંજના ૪:૦૦ થી ૬:૦૦ કલાક.</u>

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય સંબંધે જણાવવાનું કે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પ્રસિધ્ધ કરાયેલ જાહેરાત ક્રમાંક : ૧૫૦/૨૦૧૮-૧૯, અન્વયે બિન સચિવાલય કલાર્ક તથા સચિવાલયના વિભાગોના ઓફીસ આસીસ્ટન્ટ વર્ગ-૩ સંવર્ગની જગાઓ સીધી ભરતીથી ભરવા સંબંધમાં તા. ૨૪/૦૪/૨૦૨૨ ને રવિવારના રોજ, રાજ્યના (ગીર સોમનાથ સિવાયના) ૩૨ જિલ્લાઓમાં સંબધિત ઉમેદવારોની લેખીત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. આ પરીક્ષામાં સીધી રીતે સંકળાયેલ સ્ટાફ – કેન્દ્રસંચાલક, મંડળના પ્રતિનિધિ, તકેદારી અધિકારી, રૂટ સુપરવાઇઝર, સુપરવાઇઝર, ઇન્વીજીલેટર તથા આ કામ સાથે સંકળાયેલ અન્ય સ્ટાફને મંડળ ધ્વારા તાલીમ આપવાની થાય છે. આ માટે, વંદે ગુજરાત – ૧ ચેનલ પર તા.૧૯/૦૪/૨૦૨૨ના રોજ સાંજના ૪:૦૦ થી ૬:૦૦ કલાક સુધી નો તાલીમ માટેનો સ્લોટ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બાયસેગમાં બુક કરી તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

આથી, આપના જિલ્લામાં જિલ્લા કક્ષાના કે મોટા શહેરમાં સમિતિખંડ કે ઓડીટોરીયમ માં મંગળવાર, તા.૧૯/૦૪/૨૦૨૨ના રોજ સાંજના ૪:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન વંદે ગુજરાત-૧ ચેનલ પર તાલીમ નું જીવત પ્રસારણ પ્રોજેકટર દ્વારા મોટા પડદા પર નિહાળી શકાય એ માટે વ્યવસ્થા કરવા અને ઉકત પરીક્ષા સાથે સંકળાયેલ કેન્દ્રસંચાલક, મંડળના પ્રતિનિધિ, તકેદારી અધિકારી અને રૂટ સુપરવાઇઝર સુધીના સ્ટાફને સદર તાલીમ માં અચૂક હાજર રહેવા જણાવશો.

ઉકત પરીક્ષા માટેના સુપરવાઇઝર, ઇન્વીજીલેટર તથા આ કામ સાથે સંકળાયેલ અને તાલીમ લેવી જરૂરી હોય તેવા અન્ય સ્ટાફને તેમની સંબંધિત શાળા/ કોલેજ ખાતે ઉકત સમયે વંદે ગુજરાત-૧ ચેનલ પર તાલીમ નું જીવત પ્રસારણ અવશ્ય નિહાળવા સુચના આપશો.

તાલીમ સમયે સ્ક્રીન પર ફોન નંબર દર્શાવવામાં આવશે, કોઇ તાલીમાર્થીએ તાલીમ સંબંધી પૃચ્છા કરવી હોય તો એ નંબર પર પૃચ્છા કરી શકશે.

આપનો વિશ્વાસુ

(ડી.પી.ચૌહાણ)
સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

Scanned with CamScanner
Scanned with CamScanner

જા.નં./મા-૧/૨૦૨૨/૫૫૫૦

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ- સુરત.
તા:-૨૬/૦૪/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
સુરત.

District Education Officer
Surat. Dist. Surat.

Scanned with CamScanner